॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર — જાગૃત ઉજાગર — સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ — નખત્રાણા-કચ્છ

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● અષાઢ સુદ-૧૨ ● તા. ૨૧-૭-૨૦૨૧ ● બુધવાર SDP NO : 456 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

GTMF – ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશન, અમદાવાદ.

કારોબારી સભાનો એહવાલ
તાઃ-૦૯/૦૭/૨૦૨૧

૨૦૨૦ માં આવેલ કોરોના કાળના કારણે ગજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશનની કારોબારી સભા તથા ગત વર્ષની સામાન્ય સભા મળી શકેલ ન હતી, ટર્મ ના હિસાબે કારોબારીની ટીમની મુદત પૂરી થતી હોઈ, આથી આગાઉ તેમની મુદત છ-છ માસ એટલે કે, એક વર્ષ માટે લંબાવેલ હતી.

આ કારોબારી સભા ફેડરેશન ની ઓફિસમાં તાઃ-૦૯/૦૭/૨૦૨૧ ને શુક્રવારના રોજ પ્રમુખશ્રી મનસુખભાઈ પારસિયાના અધ્યક્ષ સ્થાને કોરાનાની પરિસ્થિતિમાં સુધારો આવતાં આયોજન કરવામાં આવેલ. ઘણા લાંબા સમય પછી મળતા સૌ સભ્યોને આવકારવામાં આવેલ. સંસ્થાના વાર્ષિક આવક-જાવકના ઓડીટના હિસાબો સર્વાનું મતે મંજુર કરવામાં આવેલ.

હાલમાં કોરોનાની પરિસ્થિતિ કન્ટ્રોલ જનક અને ગંભીર ના હોતાં સામાન્ય સભાનું આયોજન કરવાનું તથા નવી કારોબારી ના ગઠનની પ્રક્રિયા શરુ કરવી એવું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ.

વિશેષમાં મહામંત્રીશ્રી બાબુભાઈ માકાણી તથા દક્ષિણ ગુજરાત વલસાડ - બીલીમોરાના સભ્યોના પ્રયાસથી ગુજરાત રાજયના રાજ્યકક્ષાના વનમંત્રીશ્રી રમણભાઈ પાટકર, સો મિલ માલિકોને નડતા પ્રશ્નોને રજુઆત કરેલ, જેવા કે SLC (સ્ટેટ લેવલ કમિટી) કમિટીની મિટિંગ રેગ્યુલર મળતી ન હોવાથી સો મિલોના લાયસન્સમાં નામફેર-સ્થળફેર, વારસાઈ, વન ટાઈમ રજીસ્ટ્રેશન, ફોરેસ્ટ એરિયાથી સો મિલના ડીસ્ટન્સની છણાવટ વગરે કામો અટકી પડેલ છે, જે આ બાબતે ઘટતું કરવા વિનંતી કરવામાં આવેલ. રમણ પાટકર મંત્રીશ્રીએ આ બાબતે વેહેલી તકે ઉકેલ લાવવા તેમના અધિકારીઓ સાથે તેમજ SLC કમિટી સાથે સંવાદ સાધી ત્વરિત કાર્યવાહી થશે એવી હૈયાધારણા આપેલ.

વર્ષોથી ફેડરેશન દરેક જીલ્લા એશોસિએશન સાથે વૃક્ષ રોપણ માટે રોપ વિતરણની કામગીરી ચલાવે છે. આ વખતની મહામારી વખતે આપણે જે ઓક્સિજન કટોકટી અનુભવી તેના અનુસંધાને વૃક્ષારોપણની ઝુંબેશને વિશેષ મહત્વ આપવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા સહુ સભ્યોને વિન્નતી સહ આદેશ કરેલ.

આપણું ફેડરેશન – ઓલ ઈન્ડિયા ટીમ્બર ફેડરેશન સાથે સહકારમાં રહી આપણા રાજ્યને નડતા પ્રશ્નોના સરળીકરણ તેમજ ઉકેલ માટે કાર્યરત રહે છે.

વધુ વૃક્ષો વાવીએ, તેમનું જતન કરીએ એ અભિગમને સાકાર કરવા કટિબદ્ધ બનીએ. એ ભાવના સાથે કારોબારી સભાનું આભાર દર્શન સાથે સમાપન કરેલ.

મહામંત્રીશ્રી બાબુભાઈ માકાણી
ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશન

ઉભા પરિપક્વ વૃક્ષની હરાજી ઈ- ઓકસન, ડીસા.

रक्षा संपदा अधिकारी कार्यालय, गुजरात मंडल, अहमदाबाद छावनी-380004.
O/o DEFENCE ESTATES OFFICE, GUJARAT CIRCLE, A'BAD CANTT.-380004.
भारत सरकार, रक्षा मंत्रालय, GOVT. OF INDIA, MIN. OF DEFENCE
दूरभाष/Tele: 079-22885721, फैक्स/Fax: 079-22861229, ई-मेल: deoahme-stats@nic.in

सत्यमेव जयते

File No: DEO/GR/TREES/A/F/BRD/IV Date: 08 Jul 2021

"HAR KAAM DESH KE NAAM"

E-AUCTION NOTICE

It is hereby notified to the General Public that e-Auction for cutting & removal of 33490 Nos. of green standing trees located in Defence land at Air Force Station Deesa for Infrastructure Development will be held on 29-07-2021 at 1000 hrs. to 1730 hrs on e-auction portal (www.eauction.gov.in). The details of trees are given below:

Schedule

માધાપરના તબીબને રાષ્ટ્રીય કોરોના વોરિયર એવોર્ડ

ભુજ, તા. ૧૯ : અમદાવાદમાં ઓર્થોપેડિક તબીબ તરીકેની ફરજ ઉપરાંત કોરોના વોર્ડમાં પણ ડ્યુટી બજાવી રહેલા માધાપરના ડો. દર્શન મહેન્દ્ર રાજાણીને કોરોનાના આ કપરા સમયમાં શ્રેષ્ઠ કામગીરી અને રાષ્ટ્રસેવા બજાવવા બદલ 'નેશનલ કોરોના વોરિયર એવોર્ડ'થી સન્માન કરવામાં આવ્યું છે.

આ સન્માન મેળવનાર તેઓ રાજ્યના પ્રથમ ડોક્ટર હોવાનું ક્હેવાય છે, જેમાં જ્યુરી મેમ્બરમાં ફિલ્મ જગત સાથે જોડાયેલા રજા મુરાદ, અવતાર ગિલ, રાકેશ બેદી, સુરેન્દ્ર પાલ, ગુફી પેન્ટલ તેમજ દીપશિખા નાગપાલ અને રાગિણી ખન્ના રહ્યા છે.

હમેં ભારત કો રક્ષિત કરના હી હે

- ⚠ કેનેડાએ ફ્લાઈટ્સને અંદર અને બહાર જવા પર પ્રતિબંધ મૂક્યો છે અને દૈનિક મૃત્યુઆંક ૧૦૦૦ થી વધુ છે.
- ⚠ સાઉદી અરેબિયા અવરોધિત છે અને ત્યાં બહાર અને અંદર ફ્લાઈટ્સ નથી.
- ⚠ તાંઝાનિયા સંપૂર્ણપણે અવરોધિત છે.
- ⚠ બ્રાઝિલ સૌથી વધુ ભયંકર પ્રકરણમાં પડ્યું, જેમાં આજેએક દિવસમા ૪,૧૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે.
- ⚠ સ્પેને જાહેરાત કરી છે કે કટોકટીની સ્થિતિને લંબાવી શકાય છે.
- ⚠ યુનાઈટેડ કિંગડમે એક મહિનાના લોકડાઉનની જાહેરાત કરી.
- ⚠ ફ્રાંસ ૨ અઠવાડિયા માટે લોકડાઉન.
- ⚠ જર્મની ૪ અઠવાડિયા માટે સીલ.
- ⚠ ઈટાલીએ આજથી લોકડાઉન અનુસર્યું.
- ⚠ આ બધા દેશો / પ્રદેશોએ સમર્થન આપ્યું છે કે COVID-19 ની ત્રીજી લહેર પ્રથમ અને બીજી લહેર કરતા વધુ જીવલેણ છે

તેથી આપણે ખૂબ કાળજી રાખવી જોઈએ અને બધી સાવચેતી રાખવી જોઈએ.

- ⚠ મિત્રો અને પરિવાર વચ્ચે ચેતવણી આપનાર બનો. દરેકને ત્રીજી લહેરથી બચાવો.
- ⚠ ઈતિહાસ જણાવે છે કે ૧૯૧૭-૧૯૧૯ના સ્પેનિશ ફ્લૂની જેમ ત્રીજી તરંગ પ્રથમ અને બીજા તરંગો કરતાં વધુ જોખમી / ખતરનાક હતી. લાખો લોકો મરી ગયા હતા.
- ⚠ તમારી જાતને અને તમારા પરિવાર અને મિત્રોને સુરક્ષિત કરો.
- ⚠ બાયોસેફ્ટી પગલાં જાળવો, માસ્ક પહેરો, સામાજિક અંતર જાળવો, વારંવાર હાથ ધોવા વગેરે.

આપણું જ કર્તવ્ય આપણ સહુ ને પણ સુરક્ષિત રાખશે.

"શ્રી કોટડા (જ) સમાજ નો સંદેશો"

સર્વે કોટડા (જ) વાસીઓને જણાવવાનું કે આપણે અગાઉ જે મેસેજ થી જણાવેલું કે અમો આપ શ્રી ને આપણા સામાજિક પ્રોગ્રામો ની જાણ યોગ્ય નિર્ણય લઈને કરીશુ...

સમય અને પરિસ્થિતિની અનુકૂળતા ને અનુસર કારોબારી સભામાં ચર્ચા વિચારણા કરી આપણા ધાર્મિક ઉત્સવો, જન્માષ્ટમીએ સમાજ ની મીટીંગો, પાટોત્સવ, આપણો ચાલતો દસ દિવસ જમણવાર તથા કોટડા પાટીદાર યુવક મંડળ દ્વારા આયોજિત સરસ્વતી સન્માન જેવા વિવિધ કાર્યક્રમો સાતમ ઉપર ઉજવીએ છીએ તે કોરોના ની વર્તમાન પરિસ્થિતિ અને સરકાર શ્રી ની ગાઈડલાઈન મુજબ આયોજિત નહીં કરી શકીએ તે જણાવતા અમો હૃદયની ભાવુકતા સાથે જાણ કરી છીએ.

આપણે સૌ સાથે મળીને હંમેશા આપણા કાર્યક્રમો વિશેષ ઉમંગ અને ઉલ્લાસ થી ઉજવીએ છીએ પરંતુ હાલની પરિસ્થિતીને ધ્યાનમાં રાખતા દરેકે દરેક કાર્યક્રમો પ્રોગ્રામો આ વર્ષે પણ મુલતવી રાખેલ છે જેની ખાસ નોંધ લેશો.

અપના ઘર રાબેતા મુજબ ચાલુ છે તેમ ચાલુ જ રહેશે.

આ સંદેશની નોંધ વિશેષથી લેશો અને આપણા સભ્યોને પરિવારોને તેમજ આજુબાજુ વસ્તા કોટડા વાસીઓને જાણ અચુક થી કરશો એજ વિશ્વાસ સાથે સર્વેને જય લક્ષ્મીનારાયણ.

પ્રેષક
કોટડા જ લક્ષ્મીનારાયણ સમાજ
કોટડા જ પાટીદાર સમાજ
કોટડા જ યુવક મંડળ
કોટડા જ મહિલા મંડળ

રત્નાગિરી - સિંધુદુર્ગ જીલ્લા પાટીદાર યુવાસંઘની કોર કમિટીની મિટિંગ ઝૂમ (Zoom) કોન્ફરન્સ દ્વારા મળેલ.

રત્નાગિરી - સિંધુદુર્ગ જીલ્લા પાટીદાર યુવાસંઘની કોર કમિટિની મિટિંગ ડિજિટલ માધ્યમ દ્વારા તા. ૧૯-૭-૨૦૨૧ના રાત્રે ૯:૦૦ વાગ્યે લેવામાં આવેલ.

મિટિંગની શરૂઆત પ્રાર્થના દ્વારા કરાવવામાં આવેલ. ત્યારબાદ રત્નાગિરી - સિંધુદુર્ગ જીલ્લા પાટીદાર યુવાસંઘના મંત્રીશ્રી મોહનભાઈ ઠાકરાણી દ્વારા સ્વાગત કરી ઉપસ્થિત સર્વે સભ્યોએ સદગત સ્વજનોને મૌન રાખી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ. ત્યારબાદ સહમંત્રીશ્રી નરોત્તમભાઈ ડાયાણી દ્વારા મિનિટ્સ-બુકનું વાચન કરેલ અને ખજાનચીશ્રી નરેન્દ્રભાઈ પોકાર દ્વારા હિસાબનું વાચન કરેલ હતું.

ત્યારબાદ DMG પ્રમુખ અને RSYS સલાહકાર શ્રી દિનેશભાઈ રૂડાણી દ્વારા DMG રિજિયનની ગતિવિધિઓથી માહિતગાર કરેલ. જેમાં તેઓએ જણાવેલ કે કેન્દ્રીય યુવાસંઘ આગામી દિવસોમાં સેન્ટ્રલમાં નવી કારોબારીની રચના કરવાની ચર્ચા ચાલુ છે, જો નવી કારોબારી રચનાની તારીખ જાહેર થશે તો યુવાસંઘના ત્રી-સ્તરીય બંધારણ મુજબ DMG અને તેના ઘટક યુવા મંડળોએ પણ કારોબારી બદલવી પડશે. તેથી આપણે રત્નાગિરી - સિંધુદુર્ગ જીલ્લા પાટીદાર યુવાસંઘમાં આવતા ૧૪ તાલુકાઓમાં નવી કારોબારીની રચના કરાવી જોઈએ એવું સૂચન કરેલ. તેમજ તેણે વિદ્યાલક્ષ્મી અમૃતકુંભ વિષયનો પણ અહેવાલ આવેલ હતો.

મિટિંગના આગળના એજન્ડા પ્રમાણે આગામી દિવસોમાં RSYSની અને ઘટક યુવા મંડળોની કારોબારી બદલાવી કે નહીં તેના ઉપર ચર્ચા કરેલ અને સર્વાનુમતે એવું નક્કી કરેલ કે આગામી તા. ૫-૮-૨૦૨૧ પહેલાં ઘટક યુવા મંડળે પોતાની નવી કારોબારીની રચના કરવી અને જયારે DMG રિજિયનની નવી કારોબારીની રચના થયા બાદ જ તાલુકાઓની નવનિયુક્ત ટીમ સક્રિય કરવી.

ત્યારબાદ RSYSના IPP અને DMGના YSK કન્વીનરશ્રી રમણભાઈ ઠાકરાણી દ્વારા YSKનો સુંદર અહેવાલ આપેલ હતો. જેમાં તેઓએ જણાવેલ કે ૧૦૦ ટકા (૧૦૦%) YSKના બીલ ભરવામાં DMG મોખરે રહેલ.

ત્યારબાદ પ્રમુખશ્રીના ઉદ્દબોધનમાં RSYS પ્રમુખશ્રી રસિકભાઈ રંગાણીએ RSYSના ૧૪ તાલુકાના યુવા મંડળોના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીનો સંપર્ક કરી પોતાના યુવા મંડળના નવા કારોબારી સભ્યોની નિમણૂંક કરાવવાની જવાબદારી RSYSના મહામંત્રી, મંત્રી તેમજ સહમંત્રીને સોંપેલી હતી.

મિટિંગના અંતે સહમંત્રીશ્રી નરોત્તમભાઈ ડાયાણી દ્વારા ઉપસ્થિત સર્વે સભ્યોનો આભાર માની શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના જયઘોષ સાથે મિટિંગ પૂર્ણ કરેલ...

Massage By :
RSYS PRO & સંયોજક :
વિનોદ શાંતિલાલ પોકાર
ખેડ (રત્નાગિરિ)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર ચૌહાણ પરિવાર - વજેપુરાકંપા (અરવલ્લી,ગુજરાત)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર ચૌહાણ પરિવાર-વજેપુરા કંપા (ગુજરાત) દ્વારા તા.૧૨/૦૭/૨૦૨૧ ને સોમવાર અષાઢીબીજના દિવસે ચૌહાણ પરિવારના સુરધન નાગજીદાદા અને ગંગાફઈ અને કૌશિકઋષિના વજેપુરાકંપા (ગુજરાત) ખાતેના મંદિરે સાબરકાંઠા અને અરવલ્લી વિસ્તારના કંપાઓ અને શહેરમાં વસતા ચૌહાણ પરિવારના પરિવારજનો અને નિયાણીઓ દ્વારા અષાઢીબીજનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો...

આ કાર્યક્રમમાં ચૌહાણ પરિવારના સુરધન નાગજીદાદા, ગંગાફઈ અને કૌશિકઋષિ પરંપરાગત વિધિવત રીતે ચડતર, પૂજા, ધજા અને આરતી કરવામાં આવી. ત્યારબાદ આપણી સમાજમાં કોરોનામાં અવસાન પામેલ સ્વજનોને બે મિનિટ મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી...

ત્યારબાદ આપણી સમાજના રીતરિવાજ મુજબ નિયાણીઓને જમાડવામાં આવી અને નિયાણીઓને દાન-ભેટ પણ આપવામાં આવી

અને ત્યારપછી સૌ પરિવારજનોએ ભોજન લીધું. આ અષાઢીબીજના ભોજનના અને નિયાણીના દાન-ભેટ દાતાશ્રી કરશનભાઈ જીવરાજભાઈ ચૌહાણ પરિવાર (વિષ્ણુપુરાકંપા-થવાદ) વાળા હતા...

આ સમગ્ર કાર્યક્રમ સરકારના નિયમો અને સોશિયલ ડિસ્ટન સાથે ઉજવવામાં આવ્યો...

સંયોજકઃ ધ્રુવ ચૌહાણ
(વડાલી ડિવિઝન PRO - સાબર રિજીયન)

આદરણીય શ્રી/શ્રીમતી....

જય લક્ષ્મીનારાયણ.

જય સનાતન.

આપના દ્વારા લખીને મોકલાવેલ લેખ વગેરે ના માધ્યમથી આપના વિચારો સાથે ઉદેશ્યને છેવાડે ના ઘરે ઘરે પહોંચતા કરી નાના મોટા સૌ વાચકોને માહિતગાર કરવા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નું મુખપત્ર "શ્રી સનાતન ધર્મ પત્રિકા" હંમેશાં કટિબદ્ધ રહ્યું છે. આનંદ ની વાત છે કે આજકાલ લેખો મોકલવા વાળા ભાઈ-બહેનો ની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે.

પરંતુ પાના ની મર્યાદિત સંખ્યા સામે લેખો ની સંખ્યા સાથે સમાચારો ને સ્થાન આપવાની જરૂરી પરંપરા ને કારણે ઘણી વખત આપના દ્વારા મોકલવામાં આવેલ આર્ટિકલ ને ચાલુ મહિનાના અંકમાં ના લઈ શકવાની સંકલન કર્તા ઓની મજબુરી બની જાય છે. આવા સમયે આપને કદાચ મનદુઃખ થાય એ સ્વાભાવિક છે, તે માટે ક્ષમ્ય ગણશો....

આ સાથે આપશ્રી ને વિનંતી કે જો "આજીવન અનુદાન દાતાઓની સંખ્યા"માં વૃદ્ધિ તથા નાની મોટી "જાહેરાતો" અપાવવામાં સંયોજકો ને સહયોગ આપસો તો સંકલન કર્તા આપણી સનાતન ધર્મ પત્રિકા ના પાના વધારી આવેલ આર્ટિકલ્સ સાથે સમાચારો નો પણ સમાવેશ કરવા સક્ષમ બનસે.

સહયોગ માટે પત્રિકા સંકલન કરતી પ્રચાર પ્રસાર સમિતિ આપને વિનંતી કરેછે.

આ અંગે સમિતિને સહ્યોગ આપી પ્રચાર પ્રસાર ના કાર્ય ને વેગવાન બનાવવા સહભાગી બનશો.

આપના સહકારની અપેક્ષા સાથે...

લી.

કન્વીનર શ્રી — ચંદ્રકાંતભાઈ સી. છાભૈયા
સી.ઈ.ઓ. શ્રી — અમૃતભાઈ નાકરાણી

॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સનાતન ધર્મ પત્રિકા
Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

ગાંધીનગરમાં રહેતી ક્રિષ્ના ટાંકને અમેરિકાની જાયન્ટ ઈ-કોમર્સ કંપની/એમેઝોન કંપની દ્વારા વાર્ષિક એક કરોડ રૂપિયાથી પણ વધારે પગારની ઓફર મળી છે

ગાંધીનગરની ક્રિષ્નાએ ગુજરાતના પાટનગર ગાંધીનગર નું ગૌરવ વધાર્યું છે. ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરનાર ક્રિષ્નાએ કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટીમાંથી માસ્ટર ઈન કમ્પ્યૂટર સાયન્સ કરીને કરિયર પાથ-વેમાં મશીન લર્નિંગ સાયન્ટિસ્ટ તરીકે યુનિવર્સિટીમાં એમેઝોન કંપનીના સ્ટુડન્ટ્સ એમ્બેસેડર તરીકેની પરીક્ષામાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થઈને એમેઝોન કંપની દ્વારા એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો હતો.

ક્રિષ્ના ટાંક

ગાંધીનગરમાં પશુપાલન નિયામકની કચેરીમાં ફરજ બજાવતા મનીષકુમાર ટાંકની સુપુત્રી ક્રિષ્ના હાલમાં કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી ખાતે કોમ્પ્યુટર એન્જીનિયરિંગમાં અનુસ્નાતકનો અભ્યાસ કરી રહી છે. કોમ્પ્યુટર એન્જીનિયરિંગના અનુસ્નાતકના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી ક્રિષ્ના ટાંક એમેઝોન (Amazon) કંપનીમાં સ્ટુડન્ટ્સ એમ્બેસેડરની પરીક્ષામાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થવાથી, તેમને એમેઝોન કંપનીએ તગડા પગાર સાથે નોકરીની ઓફર કરી છે.

૨૩ વર્ષીય ગુજરાતી દિકરી ક્રિષ્ના મનીષભાઈ ટાંક જણાવે છે કે તેમણે ફેબ્રુઆરી ૨૦૨૧માં એમેઝોન કંપની માટે જરૂરી પરીક્ષાઓ આપી હતી તથા માત્ર ત્રીસ મિનિટનું ઈન્ટરવ્યૂ આપ્યું હતું. ક્રિષ્નાએ જણાવ્યું છે કે એમેઝોન કંપની દ્વારા તેમને ૧,૪૩,૧૦૦ યુ.એસ. ડૉલરનું વાર્ષિક સેલેરી પેકેજ મળ્યું એટલે કે ભારતીય ચલણમાં એક કરોડ ચાર લાખ રૂપિયા વાર્ષિક પેકેજ તરીકે એમેઝોન કંપની દ્વારા ઓફર કરવામાં આવેલ છે. આ ઉપરાંત કંપનીમાં જોઈન્ટ થતાંની સાથે જ ૮૬,૦૦૦ યુ.એસ. ડૉલરના એમેઝોનના શેર પણ મળ્યા છે. મે-જુન મહિનામાં સીએટલ (વોશિંગ્ટન) ખાતે એમેઝોન હેડ ક્વાટરમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ એન્જીનિયર તરીકે કંપની જોઈન્ટ કરી છે. માત્ર ૨૩ વર્ષની વયે આટલું એક કરોડથી વધુનું સેલેરી પેકેજ મેળવનાર ક્રિષ્નાએ ગાંધીનગરમાં જ અને માધ્યમિક શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ એલ.ડી.આર.પી. કોલેજમાંથી કમ્પ્યૂટર એન્જીનિયરિંગ પૂર્ણ કર્યું હતું.

BJP
તંદુરસ્ત સમાજ માટે હાકલ - મિશન ગ્રીન ઈન્ડિયા

અંકલેશ્વર નોટીફાઈડ એરીયા બીજેપી સંઘઠન યુવા મોર્ચા પ્રમુખ, રિતેષ નાકરાણીએ જન્મદિવસ ની ઉજવણી સહુ કાર્યકરો સાથે વૃક્ષારોપણ કરી ઉજવી જેમાં

સંગઠન ના પદાધીકારીઓ સૌ હાજર રહી ગ્રીન ગુજરાત, તંદુરસ્ત સમાજ માટે હાકલ કરી. મિશન ગ્રીન ઈન્ડિયા



ભુજની કન્યા એકપાત્રીય અભિનયમાં રાજ્યમાં પ્રથમ

ભુજ : વડનગરમાં તાનારીરી પર્ફોમિંગ આર્ટસ કોલેજ ખાતે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ-ગાંધીનગર દ્વારા આયોજિત 'પ્રતિભા શોધ (ટેલેન્ટ હન્ટ)' સ્પર્ધામાં કચ્છ-ભુજની કન્યા કુ. પાર્મી પરાગ ઠક્કરે એકપાત્રીય અભિનય સ્પર્ધા 'બ' વિભાગમાં રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની કૃતિ 'આત્માનો અવાજ' હતી.

અહીં ઉલ્લેખનીય છે કે આ જ સ્પર્ધામાં વડોદરા, અમદાવાદ, હિંમતનગર, વડનગર, જામનગર, સુરત અને કચ્છમાંથી આવેલી કૃતિમાં પાર્મીએ મેદાન માર્યું. યુગ મહેતા લેખિત આ કૃતિ રજૂ થઇ ત્યારે ત્યાં હાજર તમામ દર્શકો મંત્રમુગ્ધ થઇ ગયા હતા.

Mission Green India

ગતરોજ **ઓશન કાઉન્સિલ પ્રમુખશ્રી મુકેશભાઈ કાલરીયા પાટણએ પોતાના જન્મદીવસ ની ઉજવણી તેમના પરીવાર સાથે સનાતની વૃક્ષ એવા વડ અને પીપળા ના ૪૪ રોપા નુ રોપાણ કરી ને ઉજવી એક પ્રેરણાદાયી કાર્ય કર્યું છે.**

પોતાના જન્મ દિવસે, યુવાસંઘ મિશન ગ્રીન ઈન્ડીયા અંતર્ગત આ વૃક્ષો ને વાવી ને મોટા કરીશું, એવો સંકલ્પ લઈ સૌ ને પ્રેરણા આપી છે.

જય મિશન, જય યુવાસંઘ.

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ ૧૯ /૦૭ /૨૦૨૧

સ્વઃ ધનજીભાઈ કાનજીભાઈ ભાવાણી
ઉમર ૯૧ વર્ષ, કચ્છ માં ગામ રસલીયા, હાલે લાતુર / પોન્ડીચેરી.

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA — Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...